**Sahitya Manthan**
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

# એક સત્યાર્થીની આત્મકથા:'સત્યના પ્રયોગો'

કામળિયા સંજયકુમાર બાલુભાઈ
મું.ઠાડચ,તા, પાલીતાણા,
જિ.ભાવનગર,૩૬૪૧૪૦.
મૉ.૯૩૭૪૬૯૯૧૯૧.

પ્રસ્તાવના:

ગાંધીજીની આત્મકથા વિશ્વની મહાન આત્મકથાઓમાં આદરભર્યું સ્થાન પામી છે. સમગ્ર વિશ્વના લોકોએ જેમને મહાન વિભૂતિ તરીકે સ્વીકાર્યા અને જેમણે પ્રબળ હિંસાનો સામનો કરવાનું સૌનેસુલભ એવું અહિંસાનું શસ્ત્ર શોધીને તેનો ઉપયોગ કરી બતાવ્યો છે. નિકટના સાથીઓના આગ્રહથી,ગાંધીજીએઈ.સં.૧૯૨૫ ના 'નવજીવન'માં આત્મકથાને તબક્કાઓમાં પ્રસિધ્ધ કરી હતી. ત્રણ વર્ષ અને બે માસ સુધી એ પ્રસિદ્ધ થતી રહી.ઈ.સ.૧૯૨૭મા તેનો પ્રથમ ખંડ ગ્રંથ સ્વરૂપે પ્રગટ થયો હતો.

ગાંધીજી પોતાની આત્મકથા લખવા માટે પોતાનું ધ્યેયબતાવે છે:મારે આત્મકથા ક્યાં લખવી છે?મારે તો આત્મકથા ના બહાને સત્યના મેં જે અનેકપ્રયોગો કરેલા છે તેની કથા લખવી છે. તેમાં મારું જીવન ઓતપ્રોત હોવાથી કથા એક જીવન વૃતાંત જેવી થઈ જશે એ ખરું છે.પણ જો તેનાથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું છું.

એક સત્યાર્થીની આત્મકથા:

મહાત્મા ગાંધીજીનું જીવન ચિંતન એટલું બધું સંકુલ છે કે ગાંધી જીવન ફીલસુફી માથી એવું એક પણ ક્ષેત્ર પ્રભાવિત થયા વિના રહ્યું નથી સાહે તે ધર્મ ,સમાજ,સંસ્કૃતિ,રાજનીતિ કે અર્થેકારણ કારણ દરેક ક્ષેત્રમાં એમનુ આગવું ચિંતન રહ્યું છે.એમના આ ચિંતન ને પરિણામે તેમણે પોતાની આગવી વિચારધારા પણ આપી છે.આ આત્મકથા પાંચ ભાગમાં વહેંચાયેલી છે.ગાંધીજીના જન્મ

થી લઈને ઈ.સ. ૧૯૨૦માં નાગપુરમાં મળેલી કોંગ્રેસની સભા આગળ કથાની પૂર્ણાહુતિ થાય છે.મોહનમાંથી મહાત્મા બન્યા તેની કથા' સત્યના પ્રયોગો'માં સમાવવામાં આવીછે.

ગાંધીજીનું પરમ અને ચરમ લક્ષ હતું સત્યરૂપી પરમેશ્વરનો સાક્ષાત્કાર પામવાનુંએમણે પ્રસ્તાવનામાં કહ્યું છે કે મારે આત્મકથા નથી લખવી પરંતુ મેં જે સત્ય ના પ્રયોગો કર્યા છે તે આત્મકથાને બા'ને મારે લખવા છે. આત્મકથામાં સત્ય કેન્દ્રસ્થાને છે આ આત્મકથાનો પ્રાણ સત્ય છે.

….. જેમ તેમ કરીનેબે-ચાર દોકડા ચોરી ને થોડા અઠવાડિયા ચલાવ્યું.(પૃ.૨૨)

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરી ને માફી માંગવી એવો મેં ઠરાવ કર્યો.(પૃ.૨૪)

સેવાને સમયે સુધ્ધાં આ મારું મન વિષયને છોડી શકતુ નથી એ, તે સેવામાં રહેલીઅક્ષમ્ય ઉણપ હતી તેથી જ મેં મને એક પત્નીવ્રત પાળનાર માનવા છતાં વિષયાન્ધમાંનેલો છે.(પૃ.૨૭)

આ ઉપર દર્શાવેલા દરેક વિધાન ની અંદર મહાત્મા ગાંધીની સત્ય નિષ્ઠા પ્રગટ થયેલી જોવા મળે છે. બ્રહ્મચર્યની ખરી વાડ રામ નામ છે. અને અંતે રામનામ એ જ સત્ય છે.આમ દરેક વિષય અંતે સત્યરૂપી પરમેશ્વરમાં એ આકલન પામતો.રહ્યો છે આત્મકથામાં.

ટોલ્સટોયlના સૂત્ર'Truth is hero of tale'ને આત્મસાત કરીને ગાંધીજીએ ' સત્યના પ્રયોગો' લખવાનો પ્રારંભ કર્યો હતો.સત્યનિષ્ઠા આત્મકથામાં કેન્દ્ર સ્થાને રહી છે.એટલે કે સત્યનિષ્ઠા આત્મકથાનું પ્રાણતત્ત્વ છે ગાંધીજીનું સમગ્ર જીવનસત્યની શોધને સમર્પિત રહ્યું છે આ એક તત્વના આલંબન થી જ ગાંધીજી એક સામાન્ય વ્યક્તિ માંથી અસાધારણ મહામાનવ બની શક્યા.

આત્મકથામાં આત્મકથાકારની જીવનલીલાની જ અભિવ્યક્તિ થતી હોવાથી આત્મકથા એ અહંમ નું જ પ્રગટ સ્વરૂપ છે છતાં આત્મકથામાં વ્યક્તિએ એની અવગણના કરવાની હોય છે ગાંધીજીએ દરેક પ્રસંગોનું આલેખન કરતા પહેલા તે જીવનની ઈમારતમાંથી બહાર નીકળી જઈને તપાસ્યા છે દરેક સ્થિતિમાં તે સ્વના આવિષ્કાર વિન્યા તટસ્થભાવે જે તે સ્થિતિને આત્મકથામાં આકારિત કરી છે.

ગાંધીજીએ સત્યના પ્રયોગો ના પાને પાને પોતાની કડક આત્મનિરીક્ષણ દ્રષ્ટિ અપનાવી છે તમામ ક્ષતિઓનુ એમણે જેઆત્મપરીક્ષણ કર્યું છે એ આદર્શરૂપ છે કડક આત્મપરીક્ષણની વૃત્તિ જગતની બહુ ઓછી આત્મકથા કૃતિઓમાં જોવા મળે છે.આ કારણે સત્યના પ્રયોગો વિશ્વની મહાન સાહિત્ય કૃતિઓમાં ગણના પામી છે.

સંઘર્ષએ કોઈ પણ સાહિત્ય સ્વરૂપ નો પ્રાણ છે અને એ જો સત્ય સ્વરૂપે અભિવ્યક્ત થતો હોય તો તે આત્મકથામાં ગાંધીજીએ અનેક પરિસ્થિતિમાં સંઘર્ષ અનુભવ્યો છેતેમાં આંતરિક અને બાહ્ય સંઘર્ષ બંને સાહિત્યના આત્મારૂપ સંઘર્ષ.આત્મકથામાં વિશેષ મૂર્તપણે  અનુભવાતો હોય છે.એમાં કાળના દ્વિવિધ -અતીત અને સાંપ્રત પરિણામોને લઇને જન્મ તો સંઘર્ષતો અત્યંત રસપ્રદ બની શકે છે.આવો સંઘર્ષ સત્યના પ્રયોગોમા સવિશેષ રીતે નિરૂપણ પામ્યો છે.

ગાંધીજીની આત્મકથાના ગદ્યમાં કાચ જેવી સ્વચ્છઅનેપારદર્શક સરળતા અને સાદગીનો ગુણ પ્રગટાવેછે. કોશિયો સુદ્ધા સમજી શકે એવી ભાષા ની સરળતા અને સાદગી છે જીવનના અનુભવો માંથી નીપજેલ દર્શન આત્મકથા રૂપે ગાંધીજી રજૂ કરે છે. આથી એમાં વિચારોની પકડ સ્પષ્ટતા સુગ્રાહ્યતા,વિશદતા અને પ્રાસાદિકતા જોવા મળે છે. શીલ તેવી શૈલી જેવાસૂત્રને ગાંધીજીની શૈલીને સાર્થક કહેવડાવે છે.

મોહનમાંથી મહાત્મા ગાંધીજી બન્યા, ત્યારે મહાત્મા ના લક્ષણો બાલ્યાવસ્થાથી જ આકાર પામ્યા છે તેમના વ્યક્તિત્વને કંડારવામાં માતા-પિતા,નોકરાની,પિતાજીના મિત્રો ,પુસ્તકો,નાટકો વગેરેનો સમાવેશ થાય છે.

ગાંધીજીની ધર્મ ભાવના એ કહેવાતા સ્થૂળદર્શન-શ્રવણ તથા કર્મકાંડમાં સમાય એવી નથી. તેમની ધર્મભાવના એ વિશાળ અર્થમાં સમસ્ત જીવન અને જગતને સ્પર્શે છે .એમાં માનવતાનો વ્યાપક સૂર રહેલો છે.સમસ્ત માનવજાતિના કલ્યાણમાં જ ગાંધીજી વ્યક્તિગત કલ્યાણનો હેતુ જુવે છે સર્વ ધર્મ સમભાવ માંથી સર્વધર્મ મમભાવમાં એમની ભાવના વિકસે છે.

સેવાનું ક્ષેત્ર ગાંધીજીનું હિન્દ પૂરતું જ મર્યાદિત નથી સમગ્ર દુનિયા જેટલું વ્યાપક છે.મનના પોષણ માટે મનની કેળવણી જોઇએ, શારીરિક કામ માં ભલે શ્રમ વિભાગ હોય પણ એક વર્ગ શરીર શ્રમ કર્યા કરે અને બીજો માનસિક શ્રમ જ  કરે એ યોગ્ય નથી.સાદાઈ એ

ગાંધીજીનો શોખનો વિષય હતો સાદાઈ દ્વારા માણસ સહેલાઈથી અનુકૂલન સાધી શકાય છે દરેક વ્યક્તિએ પોતાની જરૂરિયાત મુજબ અને વિવેક બુદ્ધિથી વસ્તુઓ કે ભોગો ભોગવવા જોઈએ સાદાઈ,સેવા,સ્વાવલંબન જેવા ગુણો વ્યક્તિમાં કેળવાવવા જોઈએ.

બ્રહ્મચર્યનો પુરો અર્થ બ્રહ્મની શોધ એવો કરે છે. બ્રહ્મ સૌમાં વસે છે એટલે તે શોધ અંતર્જ્ઞાન અને તેથી નિપજતા અંતર્જ્ઞાન થી થાય તે અંતર્જ્ઞાન ઈન્દ્રિયોનો મનથી, વાંચાથી અને કાયાથી સર્વ ક્ષેત્રે સંયમ તે બ્રહ્મચર્ય.

અહિંસા સાધ્ય નથી.સાધ્ય તો સત્ય છે પણ માનવી વ્યવહારમાં અને સંબંધોમાં સત્યનું દર્શન આપણે કેવળ અહિંસાના પાલનથી જ કરી શકીએ અહિંસાની ચીવટ રાખી પાલન કરવાથી જ આપણે સત્ય સુધી પહોંચીએ છીએ તેથી જનતાને આપણેઅહિંસાની કેળવણી આપવાની છે, સત્યની કેળવણી તેનાથી આપ મેળે થાય છે.

ઉપસંહાર:

આ આત્મકથામાં ગાંધીજીના જીવનની ઘટનાઓના સંદર્ભમાં સત્ય અને અહિંસાની ગતિવિધિનો જીવંત આલેખ પ્રાપ્ત થાય છે.ગાંધીજીના સંકુલ વ્યક્તિત્વના વિવિધ રંગો અહીં જે રીતે ઉઘાડ પામે છે તેનું દર્શન ઘણું સંતપૅક અને સમુત્કષૅક લાગે છે. સત્યાર્થી ગાંધીજીનીપ્રવૃત્તિ કેટકેટલા ક્ષેત્રોમાં કેટકેટલી રીતે ચાલતી રહેલી તેનુંઅહીં દસ્તાવેજી ચિત્રણ મળે છે

સંદર્ભસૂચિ:

(૧) ગાંધી.મો. ક.ગાંધીજીની આત્મકથા અથવા' સત્યના પ્રયોગો 'નવજીવન મુદ્રણાલયઅમદાવાદ.

(૨) અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા -ધીરુભાઈ ઠાકર

(3) 'ગાંધીજીનો અક્ષરદેહ' -નવજીવન મુદ્રણાલય અમદાવાદ.

(૪) ગાંધીજીનું ધર્મદર્શન-મગનભાઈ.જો.પટેલ

(૫) 'મોહનમાંથી મહાત્મા' રા.વિ.પાઠક